# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ०७९-२६५७९५८९
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=======================================================================

અખબારી યાદી તા. ૩૦.૦૫.૨૦૨૩

- **બીજ બુટલેગરો કેમ નાથવા તે દીશામા કોઇ પગલા નહી પરંતુ ખેડુતોએ બીલ વગર બીયારણ ન ખરીદવુ એટલુ માર્ગદર્શન આપી કૃષિ મંત્રીએ ફરજ પુર્ણ કરી- મનહર પટેલ**

- **રાજ્યમા બીટી કપાસ બીજના કાળા ધંધા કરતા બીજ બુટલેગરો મગફળી,મગ,તલ, દિવેલાના બીજમા પણ ખેડુતોને છેતરી રહ્યા છે. મનહર પટેલ**

- **બીજ બુટલેગરો માર્કેટ યાર્ડમાથી મગફળી ખરીદે, ફોલાવે, ગ્રેડીંગ કરાવી આકર્ષક પેકીંગમા બેગમા પેક કરી રહ્યા છે અને આ ૩૦ કીલોની બેગ ૨૫૦૦-૩૦૦૦ રુપીયાની ખેડુતો ખરીદવા મજબુર.- મનહર પટેલ**

GAU ( ગુજરાત કૃષિ યુનિવર્સિટી) ની ઉત્પાદન ક્ષમતા ધરાવતી અને આશાસ્પદ જાતો : જે આજે રાજયના ખેડુતો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ છે.

ગુજરાત મગફળી - ૨૦, સંશોધન વર્ષ - ૧૯૯૨ (સમગ્ર ભારત)

ગુજરાત મગફળી - ૧૨, સંશોધન વર્ષ - ૧૯૯૨

ગુજરાત તલ - ૨ , સંશોધન વર્ષ - ૧૯૯૦

ગુજરાત જીરુ – ૪, સંશોધન વર્ષ – ૨૦૦૪

ગુજરાત દિવેલા – ૭, સંશોધન વર્ષ - ૨૦૦૮

ગુજરાત ઘંઉ-૪૯૬ , સંશોધન વર્ષ - ૧૯૮૯

ગુજરાત મગ - ૪, સંશોધન વર્ષ - ૨૦૦૨

આ તમામ પાકોની જાતોનુ ગુજરાત કૃષિ યુનિવર્સિટીમા વર્ષોથી વૈજ્ઞાનિકોશ્રીઓની અને કૃષિ કર્મચારીઓની મહેનતને કારણે ઉત્તમ ઉત્પાદન ક્ષમતા ધરાવતી સેલ્ફ પોલીનેટેડ જાતો કે હાઇબ્રીડ આ જાતોનું સંશોધન થયેલુ છે. તેના કારણે રાજ્ય કે દેશના ખેડુતોને ખુબ મોટો ફાયદો થઈ રહેલ છે, અને આજની રાજ્યની ખેતીની ચમક-દમક પાછળ આ ૨૫ વર્ષ પહેલાનુ કૃષિ સંશોધનની આ જાતોને આભારી છે આ પાકોની જાતો આજે પણ અવ્વલ નંબરે છે.

કૃષિ યુનિવર્સિટીની જે જે પાકોની સંશોધિત કે હાઇબ્રીડ જાતોનુ બીજ ઉત્પાદન ગુજરાત રાજ્ય બીજ નિગમ (ગુરાબીની) કરે અને ખેડુતોને ઉત્તમ ખેતી પાકોની સુધારેલી જાતો મળી રહે તેવુ સરસ માળખું ગોઠવાયેલુ રહેતુ, પરંતુ છેલ્લા ૨૫ વર્ષમા

કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ વૈજ્ઞાનિકોની જગ્યાઓ ખાલી રહે, સંશોધન પાછળ અપુરતા નાણાં ફાળવણી અને ભાજપા સરકારની આ દિશામા ઈચ્છાશક્તિના અભાવેના કારણે કૃષિ યુનિવર્સિટીમા કૃષિ સંશોધનની હાલત આજે કફોડી છે,અધુરામા પુરુ ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ચાર ભાગમાં વહેંચીને ચાર કૃષિ યુનિવર્સિટી બનાવી ત્યાર પછી કૃષિ સંશોધનના માળખાને તોડી નાખ્યુ તેના કારણે કૃષિ સંશોધન મરણ પથારી પર છે એવુ કહેવું અતિશયોકિત ભર્યું નથી.

જેવી કૃષિ યુનિ.જે હાલત છે તેના કરતા ખરાબ હાલત ગુજરાત રાજ્ય બીજ નિગમ (ગુરાબીની) છે,અગાઉ  રાજ્યમા કોંગ્રેસની પુર્વે સરકારો બીજ નિગમ રાજ્યના ખેડુતોને કોઈપણ પાકો માટે જરુરીયાત મુજબનો આશાસ્પદ અને ભરોસાપાત્ર બીજનો ૧૦૦ % જથ્થો સમયે અને વાજબી ભાવે કોઇ ફરિયાદીના અવકાશ વગર પુરો પાડતી હતી.પરંતુ રાજ્યમાં ભાજપા સરકાર આવી છે ત્યારથી તેના વહિવટ અને નિર્ણયોમા ખેડુત વિરોધી માનસિકતાના અનુભવ સમગ્ર ખેડુત વર્ગ કરી રહ્યો છે. અને ખેડુત અને ખેતીનું દુર્ભાગ્ય કે આજે ગુજરાત રાજ્ય બીજ નિગમ (ગુરાબીની) એક સમયે ૩૯૬ અધિકારી / કર્મચારીથી ધમધમતું હતુ એની જગ્યાએ આજે ૫૦ અધિકારી / કર્મચારી નથી, તેના કારણે બીજ નિગમનુ ઉત્પાદન,ગુણવત્તા અને બિજ નિગમની વિશ્વસ્નિયતા ઘટી, તેની પાછળ રાજ્ય સરકારનો ખેડુત વિરોધી રવૈયો પ્રદર્શિત કરે છે.

ભાજપા સરકારના આ રવૈયાને કારણે ખેડુતોને બીજ માટે ખાનગી બીજ ઉત્પાદકોનો વિકલ્પ કરવાની ફરજ પડી છે. અને ધીરેધીરે ખેડુતોને ભરોસાપાત્ર,વાજબી ભાવે અને સમયસર બીજ મેળવવા માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ (ગુરાબીની)ના દરવાજા બંધ થવા લાગ્યા અને ખાનગી બીજ ઉત્પાદકોની દુકાનો ખુલવા લાગી અને આજે ભાજપા સરકારના પુણ્ય પ્રતાપે સાચા- ખોટા ૬૦૦ કરતા વધુ બીજ ઉત્પાદકોની દુકાનો આખા ગુજરાતમાં ધમધમે છે.અને તે પૈકીના વેઢે ગણાય તેટલાં બીજ ઉત્પાદકો પાસે પોતાનુ ખુદનુ કૃષિ સંશોધન કે તેની સંશોધિત પાકોની જાતો નથી.

ટુંકમા ૨૫ વર્ષ પહેલા જે ગુજરાત  કૃષિ યુનિવર્સિટીએ સંશોધન કરીને જે જે પાકોની ઉત્પાદન ક્ષમતા ધરાવતી ઉત્તમ જાતો બહાર પાડી હતી તે જ જાતોને નવા નવા રુપ રંગ / નામો આપીને આ ૬૦૦ પૈકીના ખાનગી બીજ ઉત્પાદકો ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધિત જાતોને ખુલ્લા બજારમાં ખેડુતો માટે મુકી રહ્યા છે.આ બીજ ઉત્પાદકો પાસે પુરતી માળખાગત સવલત કે કૃષિ નિષ્ણાતો છે તે બાદ કરતા બાકીના હોશિયાર બીજ બુટલેગરોના નબળા-નકલી-હલકા-અનઅધિકૃત કે માન્યતા વગરના બિયારણનો આર્થિક પાયમાલીનો ભોગ દર વર્ષે હજારો ખેડુતો બની રહ્યા છે.જે રાજ્યની ભાજપા સરકાર માટે ખાનગીકરણની નીતિના ભાગે સીધી મલાઇ મેળવવાનો રસ્તો બીજ ઉત્પાદકો પૈકીની બીજ બુટલેગર પ્રજાતિ સ્વરુપે મળી ગયો.

કૃષિના અભ્યાસુ અને ગુજરાત કોંગ્રેસની પ્રવકતાશ્રી મનહર પટેલ રાજ્ય સરકારને અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ગંભીર સવાલ કર્યો છે કે રાજ્યની કૃષિ યુનિવર્સિટીએ જે જે પાકોની નવી નવી સંશોધિત કે હાઇબ્રીડ જાતોના બહાર પાડી છે તે સંશોધનના માલિક રાજ્યની કૃષિ યુનિવર્સિટી છે, અને તે જાતોનું ઉત્પાદન જરુર મુજબ ખેડુતો પોતાની ખેતી માટે કરે અને સારુ ઉત્પાદન લઇને પોતની ખેતીને નફાકારક કરી શકે. તે કૃષિ યુનિવર્સિટીઓનો મુખ્ય ઉદ્દેશ હતો અને છે,પરંતુ રાજ્યની સરકારી કૃષિ યુનિવર્સિટીના સંશોધન કે ટેકનોલોજીનો ઉપયોગ કોઇ કંપની / પેઢી ધંધાકીય હેતુ માટે કરે તો રાજ્ય સરકારે તેમની પાસેથી સંશોધન રોયલ્ટી વસુલ કરવી જોઇએ. અને આ કરોડો રુપિયાની આવક કૃષિ સંશોધન અને કૃષિ શિક્ષણ પ્રવૃતિને ખુ સારો વેગ મળી શકે તેમ છે.

એટલે અમારી માંગ છે કે

- અમેરિકાની મોન્સાન્ટો કંપનીની બીટી કપાસની બોલગાડઁ ( GM ) બિયારણની જાત ટેકનોલોજી માટે ભારતની બીજ ઉત્પાદક કંપનીઓ પાસેથી રોયલ્ટી વસુલે છે, તેમ ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સંશોધિત કે હાઈબ્રીડ જાતો વેચતા ખાનગી બીજ ઉત્પાદકો પાસેથી રાજ્ય સરકાર રોયલ્ટી વસુલ કરે.
- ખેડુતોને બીયારણની ગુણવત્તાની ખાતરી રાજ્ય સરકાર અને બીજ નિષ્ફળતાનુ વળતર રાજ્ય સરકાર ચુકવે…..
- ખાનગી બીજ ઉત્પાદક માટે કૃષિ યુનિવર્સિટી સંશોધિત કે હાઈબ્રીડ જાતો બજારમા મુકવા માટે સરકારશ્રીની જુની રજી.ની પ્રથાનો તાત્કાલિક અમલ કરવામા આવે.

બેફામ મોંઘવારીમાંથી જનતાને ક્યારે મુક્તિ મળશે?. ગુજરાતની જનતા ખાસ કરીને ગૃહિણીઓ પર કૃપા કરવા વિનંતી છે. "નલ સે જલ", સૌની યોજના, મનરેગા, રેતી, માટી, સહિતની ખનીજોની મોટાપાયે ચોરીઓ અને ભ્રષ્ટાચાર ક્યારે ઘટાડો થશે? દુર થશે? ગુજરાતની મા સમાન નદીઓ સાબરમતિ, તાપી, વિશ્વામિત્રી સહિતની નદીઓ ક્યારે શુદ્ધ થશે? ગુજરાતના નાગરિકો શુદ્ધ પીવાનું પાણી મળેશે ? ગુજરાતમાં વારંવાર તુટતા બ્રીજો જેમ કે, હાટકેશ્વર બ્રીજ, મુમતપુરા બ્રીજ, સુરત, મોરબી, રાજકોટ, સહિતના પુલોના ભ્રષ્ટાચાર માટે કોણ કોણ સંડોવાયેલા છે ? ક્યાં માથાઓએ ભ્રષ્ટાચાર કર્યો છે ? ગુજરાતના લાખો ખેડૂતોના કરોડો રૂપિયા, વિમાના પ્રિમીયમ ગાયબ થઈ ગયા અને ખેડૂતોનો પાક વિમો કોણ કોણ ચાઉં કરી ગયું ? ગુજરાતમાં લાખો હેક્ટર ગૌચરની જમીન ક્યાં ક્યાં લોકો ગાયબ કરી ગયા ? ગાયમાતા સહિત અબોલ જીવો માટે આપ દિવ્ય દરબારમાં જણાવીને ગુજરાતની જનતા પર કૃપા કરશો.

મનહર પટેલ

(મનહરભાઈ પટેલ)

પ્રવક્તા